| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૦૪ | ૦૧ | ૨૦૧૯ |
| દાખલ તારીખ : | ૦૪ | ૦૧ | ૨૦૧૯ |
| ફેસલ તારીખ : | ૦૩ | ૧૨ | ૨૦૧૯ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૦ | ૨૯ |

## <u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલત નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી સમક્ષ, મુ.અમદાવાદ</u>

**રેફરન્સ (ટી) કેસ નં.૫૯/૨૦૧૯**

**આંક-૦૭**

**પ્રથમ પક્ષકાર ::-** ૧) મેનેજરશ્રી વીઝીબીલીટી કન્સલ્ટીંગ પ્રા.લી.
ત્રીજા માળે, ડબલ્યુ/૧ બીલ્ડીંચ ઈસ્કોન ક્રોસ રોડ પાસે,
બોપલ આમલી રોડ, અમદાવાદ

**- : વિરુધ્ધ : -**

**બીજા પક્ષકાર ::-** શ્રી અર્પન પંચાલ
હે.સી-૨/૮૦૧, પ્રિતમ ટાવર, પોલીસ સ્ટેડીયમ પાસે,
શાહીબાગ, અમદાવાદ.

**પ્રતિનિધિઓ :-**
**પ્રથમ પક્ષકાર તરફે:-** શ્રી પી.એ.પટેલ
**બીજા પક્ષકાર તરફે:-** - ગેરહાજર-

## - :: એ વો ર્ડ :: -

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ. ડી. એકટની કલમ ૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદનાં હુકમ ક્રમાંક:નાશ્રઆ/અવિ/વી-૧/આઈ.ડી.આર/૧૮૭/૨૭૮૮૮.તા.૨૯/૧૧/૨૦૧૮ થી મજુર અદાલત, અમદાવાદ ને ન્યાય-નિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે **શ્રી અર્પન પંચાલને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી સામાવાળા સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

(૪) હાલનો વિવાદ તેના નિરાકરણ અર્થે મદદનીશ શ્રમઆયુકત અમદાવાદ દ્વારા અત્રેની મજુર અદાલત, અમદાવાદને રિફર કર્યા બાદ હાલના કામે પક્ષકારોને નોટીસ કરતા,જે આંક–૩ ની નોટીસની બજવણી રજી.પો.એડી મારફતે બીજા પક્ષકારને થયેલ હોવા છતા,આ કામના બીજા પક્ષકાર આ કામે હાજર થયેલ નથી તેમજ હાલના રેફરન્સની અનુસુચિના સમર્થનમાં બીજા પક્ષકાર તર્ફે તેમનું કોઈ માંગણા નિવેદન રજુ થયેલ નથી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસની બજવણી થતા, આંક–૬ ના વકીલપત્ર થી વકીલશ્રી પી.એ.પટેલ મારફતે હાજર થયેલ છે. વધુમાં હાલનું કામબીજા પક્ષકાર તરફે રેફરન્સ ની અનુસુચીનાં સમર્થનમાં તેમનું માંગણા નિવેદન રજુ થવા મુદત તા.૦૫/૩/૨૦૧૯,તા.૦૭/૫/૨૦૧૯, તા.૨૩/૭/૨૦૧૯,તા.૧૯/૯/૨૦૧૯,તા.૨૨/૧૦/૨૦૧૯ તથા આજરોજ તા.૦૩/૧૨/૨૦૧૯ ના નાં રોજ રાખતા, આ કામનાં બીજા પક્ષકાર અરજદાર તરફે કોઈ માંગણા નિવેદન રજુ થયેલ નથી. વધુમાં કેસ રેકર્ડ વંચાણે લેતા, આ કામનાં બીજા પક્ષકાર કોર્ટ માં હાજર રહેતા ન હોવાથી હાલના કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી.રેકર્ડ પરની બીજા પક્ષકાર કામદારની વર્તણુક ધ્યાને લેતા, તેઓને હાલનો કેસ આગળ ચલાવવામાં બીલ્કુલ રસ ન હોવાનુ જણાય આવતુ હોય, બીજા પક્ષકારની સતત ગેરહાજરી ધ્યાને રાખી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી  હુ ક મ ::–</u>**

૧) હાલનો રેફરન્સ (ટી) કેસ નં.૫૯/૨૦૧૯ બીજા પક્ષકારની ગેરહાજરી તેમજ જરૂરી માંગણા નિવેદનનાં અભાવે આથી ના–મંજુર એટલે કે રદ કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

અમદાવાદ
તા.૦૩/૧૨/૨૦૧૯.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
**ન્યાયાધીશ (સી.ડી.)**
**મજુર અદાલત નં.૪, અમદાવાદ**
**(જીજે.૦૦૮૬૬)**